# ધનસુરા અને વડાગામ પંથકમાં આયકર વિભાગની બેવડી નીતિના લીધે ઈમાનદાર કરદાતાઓના ભોગે કરચોરી કરનારોઓ વૈભવી જીવન જીવે છે

## ધનસુરા અને વડાગામના કારખાનેદારો સામે આયકર વિભાગ દ્વારા તપાસ કરવા ઉઠેલી લોક માંગ

(સમીર બલોચ ધ્વારા) મોડાસા, તા.૬

કેન્દ્ર સરકારના આયકર વિભાગ દ્વારા તાજેતરમાં જ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં આવેલી એક ફરસાણની દુકાનમાં રેડ પાડી બે હિસાબી રકમો જપ્ત કરવામાં આવી હતી. ત્યાર બાદ જિલ્લામાં કરચોરી કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પરંતુ અરવલ્લી જિલ્લાના ધનસુરા અને વડાગામ પંથકના કારખાનેદાર માલિકો સામે અનેકવાર રજુઆતદ થવા છતાં પણ આયકર વિભાગ દ્વારા તપાસ કરવામાં જાણે કોઈ રસ જ ના હોય અને કોઈના દબાણ હેઠળ કામ કરતુ હોય તેવુ દેખાઈ રહયુ છે.

ધનસુરા બુટાલ અને વડાગામ પંથક ખાતે કવોરી મશીનરીનુ ઉત્પાદન કરતાં યુનીટોમાં મોટાપાયે કરચોરી થતી હોવા છતાં પણ આયકર વિભાગ દ્વારા કોઈ પણ પગલા લેવામાં આવતા નથી. જયારે આ પંથકના કેટલાક જાગૃત નાગરીકો ધ્વારા આયકર વિભાગમાં વારંવાર રજુઆતો કરવાં છતા આયકર વિભાગનુ પેટનુ પાણી હલતુ ના હોય તેવુ દેખાઈ રહયુ છે. સામાન્ય રીતે ધનસુરા વડાગામ પંથકમાં મશીનરીનુ ઉત્પાદન કરતાં મોટા મોટા ઉદ્યોગપતિઓ ઈમાનદારીપુર્વક અને નિષ્ઠાપુર્વક પોતાની ફરજ સમજી સરકારી વેરાઓનુ નિયમિત રીતે ચુકવણુ કરતાં હોય છે. જયારે બીજી તરફ વડાગામ અને ધનસુરાના સામન્ય કારખાનેદારો રોતોરાત માલેતુજાર જેવુ વૈભવી જીવન જીવવા લાગ્યા હોવાથી મોટાપાયે વેચાણવેરાની અને આયકર વિભાગની આંખમાં ધુળ નાખતા હોય તેવુ દેખાઈ રહયુ છે જયારે આ કારખાનાઓ માં થતી મોટાપાયે થતી કરચોરીઓ બહાર આવે તેવી સંભાવનાઓ દેખાઈ રહી છે જયારે અન્ય ઈમાનદાર કારખાનેદારો ની સરખામણીએ આ કરચોરી કરતાં કારખાનેદારો આયકર વિભાવની નજરે કેમ ચડતા નથી તે હેક મોટો સળગતો પ્રશ્ન છે ? આયકર વિભાગના અધિકારીઓ કરચોરો ના વકીલો કે વચેટીયાઓ ધ્વારા રસ્તો કાઢી નાખી સામાન્ય રકમની કરચોરી બતાવી મોટી રકમના તોડ કરતાં હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહયુ છે અને સરકારની તીજોરીને લાખો રૂપિયાનુ નુકશાન કરી રહયા છે ત્યારે આવા કરચોરો તંત્ર ધ્વારા ખુલ્લા પડાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# ડાર્કઝોન હટાવાયા બાદ બે વર્ષ બાદ પણ

# ચાર હજાર જેટલા ખેડુતો વિજ કનેકશનથી વંચિત

## મોડાસા અને મેઘરજ પંથકના અરજદારોની કફોડી સ્થિતિ


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

(જિતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૬

વર્ષ ૨૦૧૨ની વિધાનસભાઓની ચુંટણી પૂર્વે રાજય સરકારે સાબરકાંઠા જીલ્લાના મોડાસા મેઘરજ અને ઈડર તાલુકામાં કેટલીક શરતોને આધીન વર્ષોથી અમલી ડાર્કઝોન હટાવ્યો હતો. આ નિર્ણયના બે વર્ષ બાદ પણ મોડાસા મેઘરજ પંથકમાં કૃષી હેતુ વિજ કનેકશન મેળવવા માંગતા ૪૧૨૦ અરજદારો વંચિત રહેવા પામ્યા હોઈ ખેડુતોમાં ભારે કચવાટની લાગણી પ્રસરી ગઈ છે.

### ખેડુતોને કનેકશન મળતા નથી

અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્ય અરુણભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગત માર્ચ માસમાં એસટીમેન્ટ ભરનાર ખેડુતોને હજી વિજ કનેકશન મળ્યા નથી. બાજુમાં ડીપી પણ હોય હોર્સ પાવર વધતા હોય છતાં અરજદાર ખેડુતોને કનેશન મળતા નથી.

જિલ્લાના મોડાસા અને મેઘરજ પંથકમાં વર્ષો થી ડાર્કઝોન જાહેર કરેલ હોઈ આ પંથકના ખેડુતો વિજ કનેકશન થી વંચિત બન્યા છે.

વર્ષ ૨૦૧૨માં આવેલી વિધાનસભાની ચુટણીઓ પૂર્વે ખેડુતોના દીલ જીતવા મોડાસા અને મેઘરજ તાલુકામાં કેટલીક શરતોએ ડાર્કઝોન હટાવી ડ્રીપ ઈરીગેશન અને બોર કનેકશન આપાવાનો નિર્ણય લેવાયો હતો.

માર્ચ ૨૦૧૩થી આ નિર્ણયનો અમલ શરૂ કરાયો હતો. પરંતુ વિજ વિભાગ ની ઢીલી નીતીથી આજ દિન સુધીમાં વિજ કચેરીઓમાં નોધાયેલી ૧૧૬૦૨ વિજકનેકશન માટેની અરજીઓ પૈકી ૧૧૨૦ ખેડુત ગ્રાહકોને કનેકશન આપી શકયા છે.

જયારે ૩૩૯૫ ગ્રાહકોને જરૂરી કૃષી હેતુ વિજ કનેકશન માટેનુ કામ પ્રગતીમાં રખાયેલ છે વર્ષોથી વિજ કનેકશનની રાહજોતા ખેડુતોને જરૂરી કનેકશનો સત્વરે પુરા પડાય

### વિજ વિભાગ દ્વારા તમામ કનેકશન જલ્દી પુરા પડાશે

મોડાસા ડીવીઝન કચેરીના કાર્યપાલક ઈજનેર ડી. એફ. સિંહલના જણાવ્યા મુજબ ૧૫૮૮ જુની અરજીઓ પૈકી ૬૬૦ જ કનેકશન અને નવી સ્કીમ હેઠળ આવેલ પૈકી કનેકશન પાત્ર ૨૬૬૮ અરજીઓમાંથી ૪૭૦ અરજદારોને કનેકશન પુરા પડાયા છે કે ઝોન કેટેગરીના કનેકશન કામગરી પુરા થયેથી ડી ઝોનનો ડ્રો તુરંત કરાશે.

તેવી માંગ સાથે જરૂરતમંદોમાં કચવાટની લાગણી ફેલાઈ છે.

સાબરકાંઠા જિલલાના સહકારી બેંકના ડીરકટર અને અગ્રણી ખેડુત પંકજભાઈ પટેલના જણાવ્યા મુજબ વિજ વિભાગે વિજ કનેકશન ઈચ્છતા ખેડુત ગ્રાહકોને ચાર ઝોનમાં વહેચી દિધા છે જેઓ બોર નથી ધરાવતા તેવા ખેડુત અરજદારોને ડી ઝોનમાં ફાળવી દિધા પછી પણ આવા વિજ કનેકશનો માટે જરૂરી ડ્રો કરવામાં આવતો નથી.

# બ્રાહ્મણવાડા ગામે દારૂના અડ્ડા પર જનતાની રેડ

ઊંઝા, તા.૬

ઊંઝા તાલુકાના બ્રાહ્મણ વાડા ગામે ફૂલી ફાલેલ દારૂની બદીથી ત્રસ્ત થયેલ ગ્રામજનોએ દારૂ ગાળવાની અને વેચવાની પ્રવૃત્તિ કરનારાઓને ત્યાં જનતા રેડ કરીને વોશનો નાશ કરી દારૂ ગાળવાના સાધનો કબજે કરતાં ભારે સનસનાટી સાથે પોલીસની કાર્યશૈલી સામે સવાલો ઉભા થયા હતાં.

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે છેલ્લા ઘણા વખતથી દેશી દારુ ગાળવાની વેચાની અને પીવાની પ્રવૃત્તિએ માઝા મૂકે દેતાં આ બદીથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. દરમિયાન ગત ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઊંઝા પોલિસ સ્ટેશન ખાતે જિલ્લા પોલિસ વડાની હાજરીમાં લોક દરબારનું આયોજન થયું હતું. જેમાં તાલુકા પંચાયતના સદસ્યે ગામમાં દારૂના અડ્ડા વિશે રજુઆત કરી હતી. જે સંદર્ભે જિલ્લા પોલીસ વડાએ ૨૪ કલાકમાં દારૂનો અડ્ડો બંધ કરાવાની ખાત્રી આપી હતી.

આમ છતાં દારૂની બદી સામે પોલીસ તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં ન ભરાતાં આ ગેરકાયદે બદીથી ત્રસ્ત બનેલ બ્રાહ્મણવાડા ગામના લોકોએ આજે ભેગા મળી ગામમાં દારુ ગાળવાની અન વેચવાની પ્રવૃત્તિ કરનારા અસામાજીક તત્ત્વોને ત્યાં જનતા રેડ કરી હતી જેથી આવા તત્વોમાં નાસભાગ મચી ગઈ હતી. દારુની ભઠ્ઠીઓ પરથી પીપડાઓ તથા નાના કેરબાઓ કબજે કરી ગામના ચોકમાં લાવી વોશનો નાશ કર્યો હતો. આમ જે કામ પોલીસે કરવું જોઈએ તે પોલીસે નહીં કરતા લોકોએ જનતારેડ કરવાની ફરજ પડી હતી.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં ઈદેમિલાદના જુલુસમાં મુસ્લિમોના બે જુથો આમને સામને અથડાતા ભારે તંગદિલી સર્જાઈ હતી. મામલો ગંભીર બનતા પોલીસે તોફાની ટોળા પર બળપ્રયોગ કરી ટોળાને વિખેરી નાખી મામલો થાળે પાડયો હતો.

# મોડાસામાં લુઈ બ્રેઈલ જન્મ દિવસની ઉજવણી પ્રસંગે અંધ બાળકો માટે સ્પર્ધાનું આયોજન

## સૌનો સાથ-સૌનો વિકાસ મંત્રને ચરિતાર્થ કરી સર્વાંગી વિકાસ, સર્વનો વિકાસ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય



મથક મોડાકા ટાઉન હોલ ખાતે સર્વ શિક્ષા અભિયાન અને સમાજ સુરક્ષા કચેરી, જિ. અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે લુઈ બ્રેઈલ જન્મ દિવસની ઉજવણી અંતર્ગત અંધ બાળકોની વિવિધ સ્પર્ધા, વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કલેક્ટર બી.જે. ભટ્ટે પ્રજ્ઞાચક્ષુ બાળકોને માર્ગદર્શન આપતાં અને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, વિશિષ્ટ વ્યક્તિઓની અંદર અનેકગણી આંતરીક શક્તિઓ પડેલી છે. જેનો ઉપયોગ કરી સમાજના ઉત્થાન કરવા આગળ આવવા અનુરોધ કર્યો હતો.

કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે




રાજ્ય સરકારના 'સૌનો સાથ-સૌનો વિકાસ' મંત્રને ચરીતાર્થ કરી સર્વાંગી વિકાસ, સર્વનો વિકાસ કરવા પર ભાર મુક્યો હતો અને જણાવ્યું હતું કે માત્ર સેવા જ નહિ, પરંતુ સાચી દિશા, સાચા માર્ગના પ્રયત્નોથી જ જીવન ઉન્નત બને છે.

આ પ્રસંગે કલેક્ટર પ્રજ્ઞાચક્ષુ બાળકોની વિશિષ્ટ ખુબીઓ નિહાળી પ્રભાવિત થયા હતા. કલેક્ટરશ્રી ભટ્ટે સ્પર્ધામાં જીતનાર અંધ બાળકોને બુકે-શાલ-શિલ્ડથી સન્માનિત કર્યા હતા.

અંધજન મંડળના મેનેજીંગ ટ્રસ્ટી ભાસ્કરભાઈ મહેતાએ લુઈ બ્રેઈલ વિશે પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતું.

અતિથિ વિશેષ ડૉ. અરૂણ શાહ, ડૉ. ટી.બી. પટેલ, સુભાષભાઈ શાહ, કે.આર. પટેલ, એસ.આર. પટેલ, જયંતિભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એન.કે.પરમારે સરકારની વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી. શ્રી પ્રકાશભાઈ ત્રિવેદીએ સર્વ શિક્ષા અભિયાન અંગેની પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપી હતી.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરમાં પોષી પૂનમે હજારો ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી. ખેડબ્રહ્મા ખાતે સોમવારે પોષી પૂનમ ઉજવવામાં આવી હતી. પોષી પૂનમ એટલે મા અંબાનો પ્રાગટય દિન હોઈ દૂરદૂરથી મોટી સંખ્યામાં માઈ ભકતો ઉમટી પડયા હતા. પોષી પૂનમે અંબિકા માતાજી મંદિરમાં ફુલોથી અને લાઈટ ડેકોરેશન કરીને શણગારવામાં આવ્યું હતું. પૂનમે મા અંબાને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. નવચંડી યજ્ઞ, ભજન કિર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાગટય દિને મા ભગવતીને સૂકા મેવા, ફરસાણ, ફળફળાદી રૂપે અન્નકૂટ ભરવામાં આવ્યો હતો મંદિરના ટ્રસ્ટના પ્રમુખ, ટ્રસ્ટીઓ અને મેનેજર ઘનશ્યામસિંહ રહેવરના જણાવ્યા પ્રમાણે આ વર્ષે ભકતો માટે ૨૮૦૦ પેકેટ પ્રસાદના બનાવી નિશુલ્ક આપવામાં આવ્યા છે. ભકતો શાંતિથી દર્શન કરી શકે તે માટે સુયોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# મહેસાણાના પ્રસિદ્ધ શ્રી અન્નપૂર્ણા શક્તિપીઠમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

મહેસાણા, તા. ૬

મહેસાણા તાલુકાના મોદીપુર (અંબાસણ) ગામે આવેલ સુપ્રસિદ્ધ શ્રી અન્નપૂર્ણા શક્તિપીઠ (કાશીતીર્થ)માં તા. ૭મી જાન્યુઆરીથી ૧૬મી જાન્યુઆરી સુધી ભવ્યાતિભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મોદીપુર સ્થિત અન્નપૂર્ણા (કાશીતીર્થ) ખાતે ગુજરાતમાં કાશીનું નિર્માણ કાર્યનો કાશી વિશ્વનાથ મહાદેવના શિવાલયનો શિલાન્યાસ ગત તા. ૧૩-૫-૨૦૧૪ના રોજ પ.પૂ. કનકેશ્વરીમાના કરકમળોથી કરાયો હતો. બાદ આજે આઠેક માસના ટુંકા સમયમાં બંસીપાણ પથ્થરમાંથી ઘડાઈ કરી નવા શિવાલયમાં ગુજરાતનું પ્રથમ ગુલાબી સ્ફટીકનું શિવલીંગ તથા કાલામણી રણજીત હનુમાનજી તથા જોસલાણા પથ્થરમાં શનિદેવ અને આ જ પથ્થરમાં ૩૧ ફૂટ ઊંચી દિપમાલાનુંતથા ભગવાન શ્રી પરશુરામ તથા ભારદ્વાર ઋષિની પ્રતિમાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા. ૭ થી ૧૬-૧-૨૦૧૫ને શુક્રવાર સુશ્રી પ.પૂ. કનકેશ્વરીમાના વ્યાસપીઠે શ્રીમદ ભાગવત્ જ્ઞાનયજ્ઞ કથાનું સુંદર આયોજન કરાયેલ છે. જેનો સમય સવારે ૯ થી ૧ સુધીનો છે.


શ્રી અન્નપૂર્ણા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુક હરેશભાઈ જાની, મેનેજીંગ ટ્રસ્ટી ઈન્દુભાઈ જાની, મંત્રી મનુભાઈ જાની, રમેશભાઈ જાની, રાજુભાઈ જાની વગેરેએ અન્નપૂર્ણા (કાશીતીર્થ) ખાતે યોજાનાર ધાર્મિક કાર્યક્રમો અંગે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતુ કે, ૭ જાન્યુ.થી ૧૬ જાન્યુ. દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયેલ છે. ભાગવત કથા, કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. આ પ્રતિષ્ઠાના આચાર્યપદે વે.શા.સં. ભાલચંદ્ર શ્રી કૃષ્ણ ગોડસે વડોદરા રહેશે. ૬-૧-૧૫ના રોજ ભાવનાબેન ગોકલાણી દ્વારા બહેનોની હાજરીમાં આનંદનો ગરબો થશે. તા. ૧૪-૧-૧૫ના રોજ મહારુદ્રયજ્ઞ તેમજ કાશી વિશ્વનાથ મહાદેવજીની પ્રતિષ્ઠાનો પ્રારંભ થશે. જેની પૂર્ણાહૂતિ તા. ૧૬-૧-૧૫ના રોજ થશે. ૧૫-૧-૧૫ના રોજરાત્રે ૭.૩૦ કલાકે લોકગાયક અશ્વિનભાઈ જોશીની ઉપસ્થિતિમાં શિવસંધ્યાનો કાર્યક્રમ યોજાશે. સંતો મહંતો મહાદેવના પ્રાણ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાનપદે શ્રીમતિ વિમળાબેન કે. જોશી અને સચિનભાઈ કે. જોશી બિરાજશે.

અન્નપૂર્ણા શક્તિપીઠમાં એક સાથે ૨૫૦૦ યાત્રિકો ભોજનપ્રસાદ લઈ શકે તેવી ભોજનશાળા તૈયાર થઈ ગયેલ છે. માતાજીની પેઢી, ૧૦૦થી ૧૫૦ સીટોનો વેલ ફર્નિચડ કોન્ફરન્સ હોલ, યાત્રિકોને રહેવા માટે અદ્યતન એ.સી. રૂમો સહિતનું અતિથિગૃહનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યુંછે. સંસ્કૃત મહાવિદ્યાલય અને પચ્ચીસ હજાર ચો. ફૂટનો ભવ્ય વિશાળ લગ્ન-ધાર્મિક પ્રસંગો માટે પાર્ટી પ્લોટનું નિર્માણ કાર્ય પણ થઈ રહ્યું છે.

જિલ્લા પરશુરામ ફાઉન્ડેશન દ્વારા આ પવિત્ર ધાર્મિક જગ્યામાં સમસ્ત બ્રહ્મસમાજ મહાસ્નેહમિલન - સન્માન સમારંભ અને બ્રહ્મ ચોર્યાસીનું તા. ૧૬-૧-૧૫ને શુક્રવારના રોજ બપોરે બે કલાકે આયોજન કરેલ છે. જેમાં મુખ્ય યજમાન પદે અશ્વિનભાઈ જોશી, ગૌ ભક્ત ચૈતન્ય શંભુ મહારાજ, એન.આર. આઈ. સુરેશભાઈ જાની, પરશુરામ ફાઉન્ડેશન ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગતભાઈ શુકલ, મહામંત્રી રાકેશભાઈ દવે, વિશ્વ હિંદુ પરિષદના પ્રદેશ અધ્યક્ષ દિલીપભાઈ ત્રિવેદી, અન્ય બ્રહ્મસમાજના અગ્રણીઓ દિલીપભાઈ વ્યાસ, અનંતકુમાર જાની, મધુસુદનભાઈ જાની ઉપસ્થિત રહેશે.

# પ્રાંતિજમાં ટ્રકની ટકકરે મહિલાનું કરૂણ મોત

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં એકટીવા લઈ પસાર થતી મહિલાને એક ટ્રક ચાલકે અડફેટે લેતા મહિલાનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડથી રેલવે માર્ગ પર વડવાસા ગામની મહિલા રમીલાબેન પટેલ તેની દિકરી સાથે મોપેડ જીજે-૯-સી.એમ. ૮૮૩ પર રેલવે સ્ટેશન વિસ્તારમાં કામ અર્થે જઈ રહ્યા હતા આ દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રક જીજે-૯-ઝેડ ૨૨૬૭ના ચાલકે ટ્રકને બેફામ રીતે હંકારી મહિલાને અડફેટે લેતા તેને કચડી નાખી હતી આથી મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. જયારે મહિલાના મોપેડ પાછળ બેઠેલ પુત્રીનો આબાદ બચાવ થયો હતો.



### ખેડબ્રહ્મા પોલીસ જીપને અકસ્માત એકને ઈજા

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનની સરકારી જીપ બોલેરો નં. જીજે-૦૯-જી-૦૬૨૧ ને ચંદુભાઈ શકરાભાઈ ૪ જાન્યુઆરીએ રાત્રે ૨.૧૫ વાગે લક્ષ્મીપુરાથી ખેડબ્રહ્મા તરફ આવતા હતા. બ્રેક મારતા જીપ ગાડી પરનો કાબુ ગુમાવતા જીપ રોડની સાઈડમાં ઉતરી ચોકડીમાં પલટી મારી જતાં ગાડીને ડાબી બાજુ નુકશાન થયેલ તેમજ અંદર બેઠેલ મુળચંદભાઈ લવજીભાઈ તથા વિષ્ણુભાઈ અમરાજી તથા જાહેરાત આપનાર ચંદુભાઈ શકરાભાઈને સામાન્ય ઈજાઓ થયેલ છે. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી. (રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ખેડૂતના ખેતરમાં ગ્રામ પંચાયતની પાઈપલાઈન ફાટતા તળાવમાં ફેરવાયુ

## ખેડૂતની ૨.૫ વિઘા જમીનમાં તળાવ ભરાયું : ગામમાં ત્રણ દિવસથી પાણી માટે વલખાં

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની સીમમાં દિનેશભાઈ નારજીભાઈ પટેલના ખેતરની બાજુમાં ગામ પંચાયતનો કુવો આવેલ છે જયાંથી અંડર ગ્રાઉન્ડ પાણીની પાઈપ લાઈન દ્વારા ગામમાં પાણી પહોંચાડવામાં આવે છે. જે પાઈપ લાઈન લીકેજ થઈ જવાથી ખેડૂતના ખેતરમાં પાણી ફરી વળતાં ભારે નુકશાન થયું છે.

લક્ષ્મીપુરા ગામના દિનેશભાઈ નારજીભાઈ પટેલ લક્ષ્મીપુરા ગામની સીમમાં ૧૦ વિઘા જમીન ધરાવે છે. જેમાં તેમણે કપાસ વાવેતર કરેલ જયારે ૨.૫ વિઘા જમીન માં ઘઉંની વાવણી કરવાની હતી તેમની જમીનની બાજુમાં ગામ પંચાયતનો કુવો આવેલ છે જેની અંદાજીત ૧૦ વર્ષ જુની પાઈપ લાઈન દિનેશભાઈ પટેલ, રણજીતસિંહ ચૌહાણ, પ્રતાપસિંહ ચૌહાણ, જીતાભાઈ પટેલ વિગેરેની જમીનમાં થઈ ગામમાં પાઈપ લાઈન જાય છે જે ગામમાં પાણીની ટાંકી સુધી પહોંચે છે જયાંથી પુરા ગામમાં પાણી પુરું પાડવામાં આવે છે.

ગત શનિવારે રાત્રે દિનેશભાઈના ખેતરમાં પાણી લીકેજ થયેલ તેથી તેમણે પંચાયતને જાણ કરી બંધ કરવા કહેલ પણ રાત્રે પાણી ચાલુ કરી દેવાથી પાણીની લાઈન લીકેજ હોવાથી પાણી ગામમાં પહોંચવાને બદલે દિનેશભાઈના ખેતરમાં ફરી વળતા પૂરું ખેતર તળાવમાં ફેરવાઈ ગયેલ છે. દિનેશભાઈના જણાવ્યા પ્રમાણે રવિવાર સવારે તેઓ ઘઉંની વાવણી માટે ગયા તો તે ખેતર જોઈ સ્તબ્ધ થઈ ગયેલ જેથી હાલમાં તે ઘઉંની વાવણી કરી શકે તેમ નથી તેથી તેમની શિયાળુ ઘઉંની સિઝન ફેઈલ થતાં ભારે નુકશાનનો સામનો કરવાનો વારો આવ્યો છે તેમના ખેતરમાં ઠેર ઠેર ખાડા પડી ગયેલ છે.

આ ઉપરાંત લક્ષ્મીપુરા ગામના પટેલ દક્ષાબેન ભૂપેન્દ્રભાઈ, પ્રજાપતિ ગંગાબેન લાલજીભાઈ પ્રજાપતિ ડાહીબેન બેચરભાઈ, રાવલ સુંદરબેન મણીલાલ ઠાકરડા લખુબેન બાબુભાઈના જણાવ્યા પ્રમાણે છલ્લા ૩ દિવસથી પાણી ગામમાં આવતું નથી જેથી પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને આજુબાજુના કુવાઓ પરથી પાણી લાવી વપરાશ કરવો પડી રહ્યો છે.

આ અંગે લક્ષ્મીપુરા ગામના મહિલા સરપંચ આનંદીબેન પટેલના જણાવ્યા અનુસાર દિનેશભાઈના ખેતરમાં પાઈપ લાઈન તુટી ગયેલ છે. જેને રીપેર કરવાની છે પણ ખેડૂત દિનેશભાઈ પુરા ૨.૫ વિઘા જમીનમાં નુકશાનની માંગણી કરી રહેલ છે. વળતર બાદ જ રીપેરીંગ કરવાની માંગણી કરી રહેલ હોઈ રીપેરીંગ થઈ શકેલ નથી જેનો અમે સત્વરે ઉકેલ લાવી દઈશું.